CHIPS Express
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
આટેરીયમ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૯૯ | ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; ભાદરવા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મેહુલ ચોકસીને ભારત લવાશે

પંજાબ નેશનલ બેંકને અરબો રૂપિયાનો ચૂનો લગાવનાર હીરા વ્યવસાયી મેહુલ ચોકસીને પકડમાં લેવા પૂરા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં ભાગ લેવા પહોંચેલા વિદેશમંત્રી સુષમા સ્વરાજે એન્ટીગુઆના વિદેશમંત્રી સાથે મુલાકાત કરી મેહુલ ચોકસીના પ્રત્યાર્પણ મામલે મદદ માંગી છે.

### અમેરીકા વિદેશીઓને પરત મોકલશે

અમેરિકાના અધિકારીઓ મુજબ જે લોકોની એચ-૧બી વીઝાની મુદત પૂર્ણ થઈ ગઈ છે અને જેમનુ સ્ટેટસ બદલાઈ ગયુ છે તેમને પહેલી ઓક્ટોબરથી દેશની બહાર ધકેલવાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે. જેની સૌથી મોટી અસર ભારતીયો પર પડી શકે છે.

### તત્કાલમાં કન્ફર્મ ટીકીટ હવે ૩૦ સેકન્ડમાં

દશેરા, દિવાળી જેવા તહેવારોના સમયે ટીકીટ ન મળે તો હવે ચિંતાની જરૂર નથી. રેલવે દ્વારા હવે તત્કાલ ટીકીટ માત્ર ૩૦ સેકન્ડમાં મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

### દિલ્હીમાં શિક્ષકોની ભરતી કરવા કોર્ટનો આદેશ

દિલ્હી હાઈકોર્ટે દિલ્હી સબઓર્ડિનેટ સર્વિસ સિલેક્શન બોર્ડ તથા શિક્ષણ વિભાગને શિક્ષકોની ભરતી કરવા આદેશ કર્યો છે. આ મામલે વધુ સુનવણી આગામી ૪ માર્ચ, ૨૦૧૯ના રોજ થશે.

# મસ્જિદમાં જ નમાઝ પઢવી અનિવાર્ય નથી : સુપ્રિમ

**તમામ મંદિર, મસ્જિદ, ચર્ચનું અધિગ્રહણ કરી શકાય, દરેક ધર્મનું સન્માન થવુ જોઈએ : નમાઝનો મામલો હાયર બેન્ચને નહી સોંપાય : સુપ્રીમના ચુકાદાથી અયોધ્યા વિવાદની સુનાવણી આડે અડચણો દૂર : મંદિર નિર્માણ માટેનો રસ્તો સાફ થયો હોવાના સંકેત : ૨૯મી ઓક્ટોબરથી અયોધ્યા વિવાદ ટાઇટલ મામલામાં સુનાવણી ત્રણ જજની બેંચ હાથ ધરશે**



નવીદિલ્હી, તા. ૨૭

સુપ્રીમ કોર્ટે પાંચ સભ્યોની બેંચના મસ્જિદમાં નમાઝ ઈસ્લામ માટે ફરજિયાત નહીં ગણાવવાના અગાઉના ચુકાદાને યોગ્ય ઠેરવીને આને મોટી બેંચને સોંપવાનો ઈન્કાર કરી દીધો છે. મસ્જિદમાં નમાઝને લઈને સુપ્રીમ કોર્ટે આજે મોટો ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે અયોધ્યા જમીન વિવાદ કેસને પાંચ જજની બેંચને સોંપવાનો સાફ શબ્દોમાં આજે ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપતી વેળા કેટલાક તારણો પણ રજૂ કર્યા હતા. સુપ્રીમ કોર્ટે આ દુરગામી ચુકાદો આપ્યા બાદ તેની સીધી અસર થવાના સંકેત દેખાઈ રહ્યા છે. કોર્ટના આ ચુકાદાને મુસ્લિમ પક્ષકારો માટે મોટા ફટકા તરીકે ગણાવુામાં આવે છે. આ ચુકાદા બાદ અયોધ્યા વિવાદની સુનાવણીથી મોટી અડચણ દૂર થઈ ગઈ છે. દરમિયાન સુપ્રીમ કોર્ટમાં આ ચુકાદા ઉપર રાજકીય નિવેદનબાજી શરૂ થઈ ગઈ છે. ભાજપે આ ચુકાદાનું સ્વાગત કર્યું છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રા અને જસ્ટિસ અશોક ભુષણે ૨-૧ની બહુમતિથી આ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતી વેળા કેટલીક રજૂઆત કરી હતી. સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાને મોટી બેંચને મોકલી દેવાની માંગ ફગાવી દેવામાં આવી છે. હવે ૨૯મી ઓક્ટોબરથી અયોધ્યા

● અનુસંધાન પાન-૭ પર

## સુપ્રીમ કોર્ટના ચુકાદાથી મંદિરના નિર્માણ આડે માર્ગ સાફ થયો

**અયોધ્યા મામલે સુપ્રીમના ચુકાદાનું સંઘ દ્વારા સ્વાગત : કેસ અંગે ટૂંક સમયમાં જ નિર્ણય થશે : સંઘને આશા**

નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટે મસ્જિદમાં નમાઝ ઈસ્લામમાં ફરજિયાત નહીં દર્શાવનાર પોતાના અગાઉના ચુકાદાને જાળવી રાખવામાં આવ્યા બાદ સંઘ દ્વારા આનું સ્વાગત કરવામાં આવ્યું છે. સંઘના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ અરુણ કુમારે કહ્યું છે કે, આજે સુપ્રીમ કોર્ટે શ્રીરામ જન્મભૂમિના કેસમાં ત્રણ સભ્યોની બેંચ દ્વારા સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે અમે આનું સ્વાગત કરીએ છીએ અને વિશ્વાસ કરીએ છીએ કે ટૂંક સમયમાં જ યોગ્ય નિર્ણય કરવામાં આવશે. આ ચુકાદાને મુસ્લિમ પાર્ટીઓ માટે ટિકા તરીકે ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાને મોટી બેંચમાં મોકલવાની માંગ કરવામાં આવી હતી. હવે ૨૯મી ઓક્ટોબરથી સુનાવણી હાથ ધરવામાં આવશે. ચુકાદો આવ્યા બાદ રાજનીતિ શરૂ થઈ ચુકી છે. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું છે કે, આ ચુકાદાથી મંદિર નિર્માણનો માર્ગ મોકળો થઈ ગયો છે. મૂળભૂત અધિકારોની જીત થઈ છે. મસ્જિદને શિફ્ટ કરી શકાય છે મંદિરને નહીં. અડચણો હવે દૂર થઈ ચુકી છે. રામ મંદિરનું નિર્માણ થશે. બાબરી મસ્જિદ મામલામાં પક્ષકાર રહેલા ઈકબાલ અન્સારીએ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ કહ્યું હતું કે, આ ચુકાદો મંદિર મસ્જિદ પર ન હતો. મુસ્લિમો પર આ ચુકાદાની કોઈ અસર થઈ નથી. રામમંદિર માટે થનાર આંદોલન દરમિયાન છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે અયોધ્યામાં બાબરી મસ્જિદને તોડી પાડવામાં આવી હતી. આ મામલામાં અપરાધિક કેસની સાથે સાથે અન્ય કેસ ચાલ્યા હતા. ટાઈટલ વિવાદ સાથે સંબંધિત મામલો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૦ના દિવસે અલ્હાબાદ હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, ત્રણ પક્ષો વચ્ચે જે જોગવાઈ છે તે મુજબ વચ્ચેનો હિસ્સો હિન્દુઓનો રહેશે જ્યાં હાલમાં રામલલ્લાની મૂર્તિ છે. નિરમોહી અખાડાને બીજો હિસ્સો આપવામાં આવ્યો હતો જેમાં સીતા રસોઈ અને રામ સંકુલ છે. બાકી એક તૃતિયાંશ હિસ્સો સુન્ની વક્ફ બોર્ડને આપવામાં આવ્યો હતો.

# સર્જિકલ સ્ટ્રાઈકનો નવો વીડિયો ભારતીય સેનાએ રજૂ કર્યો

ન્યુ દિલ્હી,તા.૨૭

જમ્મુ કાશ્મીરમાં આતંકી પ્રવૃતિઓ વધ્યાં બાદ પાકિસ્તાની સેના અને આતંકવાદીઓ વિરૂદ્ધ વધુ બે વીડિયો સામે આવ્યાં છે. આ વીડિયો રક્ષા મંત્રાલયે જાહેર કર્યો છે. આ વીડિયોમાં ભારતીય સેનાના શોર્યની ગાથાનું સમગ્ર હતા. સર્જિકલ સ્ટ્રાઈક દરમિયાન આતંકીઓએ અનેક લોન્ચપેડ પણ નષ્ટ કર્યા હતા. આ હુમલામાં ૪૦થી વધુ આતંકીઓ માર્યા ગયા

**૨૯ સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે સેનાએ સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી**

ભારતીય સેનાએ સપ્ટેમ્બર, ૨૦૧૬માં સરહદ પાર કરીને તેમના અનેક ઠેકાણાંઓને નષ્ટ કર્યા હતા. આ ઓપરેશનને સર્જિકલ સ્ટ્રાઈક કહેવામાં આવ્યું હતું. ત્યારે સર્જિકલ સ્ટ્રાઈકની બીજી વરસીના બે દિવસ પહેલાં વિવરણ છે.

ઉરી હુમલા બાદ ભારતના જાંબાઝ જવાનો પાકિસ્તાનની સરહદમાં ઘૂસીને સર્જિકલ સ્ટ્રાઈક કર્યું હતુ. સેનાએ પાકિસ્તાનના લિપામાં આતંકી કેમ્પ અને ભિંબર ગલી સ્થિત કેમ્પને ધ્વસ્ત કરી દીધાં હોવાનું પણ કહેવામાં આવ્યું હતું. ગત દિવસોમાં ઓપરેશનની આગેવાની કરનાર લેફ્ટનન્ટ જનરલ આરઆર નિમ્ભોરકરે ઓપરેશન સાથે જોડાયેલો એક કિસ્સો કહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર




# આજે ભારત-બાંગ્લાદેશ વચ્ચે એશિયા કપ ફાઈનલ જંગ

**આજે ફાઇટ ટુ ફિનિશ જંગને લઇને ભારે રોમાંચ : પાકિસ્તાન પર ભવ્ય જીત મેળવીને બાંગ્લાદેશ ફાઇનલમાં ભારત હોટફેવરીટ તરીકે મેદાનમાં ઉતરવા માટે તૈયાર**

દુબઈ,તા. ૨૭

દુબઈના ઐતિહાસિક મેદાન પર આવતીકાલે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે એશિયા કપ ક્રિકેટની ફાઈનલ મેચ રમાનાર છે. આ મેચ ફાઈટ ટુ ફિનિશ સમાન બની રહેશે. રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમ વર્તમાન એશિયા કપમાં ધરખમ દેખાવ કરીને ફાઈનલમાં પહોંચી છે. ભારતીય ટીમ વધુ એક વખત એશિયા કપ જીતવા માટે સંપૂર્ણ પણે તૈયાર છે. ભારતીય ટીમમાં અફઘાનિસ્તાન સામેની મેચમાં પાંચ ફેરફાર કરવામાં આવ્યા હતા. જો કે આવતીકાલે રમાનારી મેચમાં તમામ સ્ટાર ખેલાડીઓ પરત ફરશે. જેમાં રોહિત શર્મા, શિખર ધવન, ભુવનેશ્વર કુમાર, જશપ્રીત બુમરાહનો સમાવેશ થાય છે. ભારતીય ટીમના હાલના ફોર્મને જોતા ટીમ ઈન્ડિયા હોટફેવરીટ ટીમ તરીકે છે. ભારત વર્તમાન ચેમ્પિયન તરીકે પણ છે. રોહિત શર્મા અને શિખર ધવન જોરદાર ફોર્મમાં ચાલી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે ૨૫મી સપ્ટેમ્બરના દિવસે ભારતે વર્તમાન એશિયા કપની તેની છેલ્લી મેચ રમી હતી. આ સુપર ચાર રાઉન્ડની ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની મેચ ભારે રોમાંચક તબક્કામાં પ્રવેશી ગયા બાદ આખરે ટાઈમાં પરિણમી જતા કેટલાક ભારતીય ચાહકોને નિરાશા હાથ લાગી હતી. છેલ્લા ઓવરમાં ભારતને છ રનની જરૂર હતી અને છેલ્લા બે બોલમાં બે રનની જરૂર હતી ત્યારે આ મેચ ટાઈમાં પરિણમી હતી. પોતાની તમામ મેચો જીતી લીધા બાદ અફઘાનિસ્તાન સામેની મેચમાં ભારતીય ટીમમાં પાંચ ફેરફાર કરવામાં આવ્યા હતા. દુબઈમાં એશિયા કપ ક્રિકેટની મેચમાં અફઘાનિસ્તાન સામે મહેન્દ્રસિંહ ધોનીને ફરી એકવાર કેપ્ટન તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી ત્યારે તમામની નજર ધોની ઉપર કેન્દ્રિત થઈ ગઈ હતી. ધોની ૬૯૬ દિવસ બાદ ફરી ટીમ ઈન્ડિયાના કેપ્ટન તરીકે મેદાનમાં ઉતર્યો હતો. ધોનીએ છેલ્લે ૨૯મી ઓક્ટોબર-૧૬ના દિવસે ન્યુઝીલેન્ડની સામે વિશાખાપટ્ટનમમાં કેપ્ટન તરીકેની ભૂમિકા અદા કરી હતી.



# લગ્નેત્તર સંબંધ ગુનો નથી : સુપ્રીમ

**સુપ્રીમ કોર્ટે આઈપીસીની કલમ ૪૯૭ને ગેરબંધારણીય ગણાવી : મહિલાને લગ્ન બાદ સેક્સુઅલ ચોઇસથી વંચિત રાખી શકાય નહીં : સુપ્રીમનો ચુકાદો : પતિ મહિલાના માલિક તરીકે નથી તે કહેવાનો સમય આવી ગયો છે**

નવી દિલ્હી,તા. ૨૭

પતિ, પત્નિ અને વોના સંબંધ હવે અપરાધ નથી. કારણ કે સુપ્રીમ કોર્ટે આજે આ સંબંધમાં ઐતિહાસિક અને દુરગામી ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે એડલ્ટરી હવે અપરાધ નથી. સુપ્રીમ કોર્ટે આઈપીસીની કલમ ૪૯૭માં એડલ્ટરીને અપરાધ તરીકે ગણનાર જોગવાઈને ગેરબંધારણીય તરીકે ગણાવીને તેને ફગાવી દીધી છે.સુપ્રીમ કોર્ટે એડલ્ટરી (વ્યભિચાર) કેસમાં આઈપીસીની કલમ ૪૯૭ને ગેરબંધારણીય જાહેર કરી દીધી છે. પાંચ જજની બેંચમાં સામેલ રહેલા ચીફ જસ્ટીસ દિપક્ષ મિશ્રા, જસ્ટસ એએમ ખાનવિલકર અને જસ્ટીસ આરએફ નરીમન, ડીવાય ચન્દ્રચુડે આઈપીસીની કલમ ૪૯૭ને અપરાધની હદમાંથી બહાર કરવાનો આદેશ આપ્યો

હતો. પીઠમાં સામેલ રહેલી એકમાત્ર મહિલા જસ્ટીસ ઈન્દુ મલહોત્રાએ આને ગેરબંધારણીય કરાર ગણાવ્યો છે. આવી સ્થિતીમાં જજોએ આ ચુકાદો સર્વસંમતિથી આપ્યો હતો. વ્યાભિચાર પર ચુકાદો આપતા ચીફ જસ્ટીસ દીપક મિશ્રાએ કહ્યુ હતુ કે બંધારણની ખુબસુરતી એ છે કે તેમાં હુ, મારા અને તમે તમામ સામેલ છે. સીજેઆ અને જસ્ટીસ ખાનવિલકરે

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ-ડીઝલમાં વધુ ભાવ વધારો

**મુંબઇમાં હવે હાલત વધારે ખરાબ થઇ રહી છે : પેટ્રોલમાં ૧૪ પૈસા અને ડીઝલમાં ૧૩ પૈસા સુધી વધારો**

નવી દિલ્હી,તા. ૨૭

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે. એક દિવસના ટુંકા વિરામ બાદ ભાવમાં ફરી વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમતમાં ૧૪ પૈસા અને ડીઝલની કિંમતમાં ૧૩ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. દેશના રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પેટ્રોલની કિંમત હવે ૮૩ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે. મુંબઈમાં હાલત વધારે ખરાબ થઈ છે. અહીં ભાવ ૧૩ પૈસા વધી જતા હવે ૯૦.૩૫ રૂપિયા થઈ ગયો છે.

તમામ શહેરોમાં ફરી એકવાર ભાવમા વધારો થતા લોકો હવે પરેશાન દેખાઈ રહ્યા છે. દેશભરમાં પેટ્રોલિયમ પેદાશોમાં વધી રહેલી કિંમતોના કારણે સરકાર અને વિપક્ષ આમને સામને છે. વિરોધ પક્ષો દ્વારા પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં કાપની માંગ કરવામાં આવી રહી છે. ભાવ વધારા સામેના વિરોધમાં હાલમાં કોંગ્રેસ અને અન્ય પક્ષોએ ભારત બંધની હાકલ કરી હતી.પેટ્રોલ અને ડીઝલના વધતા જતા ભાવ વચ્ચે હાલમાં સરકારની વ્યાપક ટિકા થઈ રહી છે. મોદી સરકારથી મધ્યમ વર્ગ નાખુશ છે.

આ વધતા જતા ભાવના કારણે મોદી સરકારને લોકસભાની ચૂંટણીમાં મોટી કિંમત ચુકવવી પડી શકે છે. કારણ કે મોટા ભાગની જીવન જરૂરી ચીજોની કિંમતમાં હાલમાં વધારો થયો છે. આના કારણે તમામ લોકોના બજેટ બગડી ગયા છે. આગામી દિવસોમાં પણ મોંઘવારીના કારણે સામાન્ય લોકોને પરેશાન રહેવાની ફરજ પડી શકે છે. કારણે ક્રુડની કિંમત તો હાલમાં વધી રહી છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં અવિરત વધારો જારી રહેલાત સરકાર પણ ચિંતાતુર છે. જો કે પગલા લેવા માટે સરકાર તરફથી કો નક્કર ખાતરી આપવામાં આવી રહી નથી. જે લોકોને હેરાન કરે છે.

## પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મિતેશ મંગળદાસ પટેલ**

જ.તા.૦૬-૦૪-૧૯૭૧ સ્વ.તા.૨૮-૯-૨૦૧૭ (ઉનાવા-ગાંધીનગર)

જીવન એવું જીવી ગયા કે ભુલશું નહીં,
વિદાય એવી લીધી કે અમે કદી વિસરશું નહિં,
છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ
આપની અણધારી થઈ વિદાય યાદ અમારા દિલમાં રહેશે સદાય
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ. :
ગં.સ્વ.છાયાબેન મિતેશભાઈ પટેલ
યશ(ભોલુ) મિતેશભાઈ પટેલ (પુત્ર)
કાલીદાસ વિઠ્ઠલભાઈ પટેલ (ચેરમેન, ગાંધી.અર્બન કો.ઓ.બેંક લિ.)
શૈલેષભાઈ મંગળદાસ પટેલ (ભાઈ)
જયેશભાઈ મંગળદાસ પટેલ (ભાઈ)
પોપટભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (પુર્વ ધારાસભ્ય, ગાંધીનગર)
જશુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
કનુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
જસંવતભાઈ છોટાલાલ મોદી
મૌલિક (રિન્કુ)કાલીદાસ પટેલ
ઘનશ્યામભાઈ કેશવલાલ પટેલ
જગદીશભાઈ કેશવલાલ પટેલ (જે.કે.)
મોનિલ આર. પટેલ - ભરતસિંહ પી. ગોલ
નિર્મલસિંહ એન. વાઘેલા - શંભુજી કે ગોલ
સેક્ટર-૨૨ વેપારી મિત્ર મંડળ
તથા સ્વ.મોતીભાઈ બકોરભાઈ પટેલ પરિવાર, વાવોલ

અંબિકા ટ્રેડર્સ, સેક્ટર-૨૨
અંબિકા એન્ટરપ્રાઈઝ, સેક્ટર-૧૧

## બેસણું



અમારા પિતાશ્રી **જયન્તિલાલ નરશીભાઈ કલોલા,** ઉ.વ. ૭૬ , તા. ૨૭/૦૯/૨૦૧૮ ના રોજ ગૌલોકવાશી થયા છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના. **સદગતનું બેસણું તારીખ ૨૯/૦૯/૨૦૧૮ને શનિવારના રોજ સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે** નિચેના સ્થળે રાખેલ છે

સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, શ્રી ઉમિયા માતાજીના મંદિર પાછળ, સેક્ટરઃ૧૨, ગાંધીનગર

**મિતેષ જયન્તિલાલ કલોલા**
૫૦૧, કેપિટલ ફલેટ, સરગાસણ ચોકડી પાસે, ગાંધીનગર.

## મળશે

**ડો. કિરીટ એસ. પટેલ આજથી તા. ૨૮-૯-૨૦૧૮થી રાબેતા મુજબ મળશે.**
૨૦૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

શ્રી ન્યુ દુર્ગા જ્યોતિષ સેન્ટર (રજી.નં. Guj/AMD/ 40600)
અમદાવાદમાં જુના અને જાણીતા,જ્યોતિષ સમ્રાટ, ગોલ્ડ મેડાલીસ્ટ, કામરૂદેશના ગુઢ વિદ્યાના જાણકાર (સ્પે.)
A to Z સમસ્યાનો ઝડપી નિકાલ ગુપ્ત ધનના ખાસ જાણકાર.
ભારતના સુપ્રસિદ્ધિ રાજ જ્યોતિષી પંડિત પ્રહલાદભાઈ જોષી (જ્યોતિષ અને તાંત્રિક કામાખ્યા ઉપાસક)
વિદ્યા,નોકરી,ધંધો, સગાઈમાં વિલંબ,લગ્નયોગ, સ્ત્રીપુરૂષના અણબનાવ,ગૃહકલેશ, સંતાનયોગ, પ્રેમમાં દગો, રૂઠે કો મનાના, પ્રેમભંગ, ફરી પ્રેમ, શારીરીક, માનસિક, આર્થીક,ફસાયેલાનાંણા, કોઈ નું કરેલું,સૌતન મુક્તિ,સાસુ,પતી અને પ્રેમીનો ત્રાસ,પ્રમોશન યોગ,વિદેશ યોગ,શત્રુનાશ મકાન યોગ, ભુમિનડતર, કોઈપણ મુંઝવતા પ્રશ્નોના માર્ગદર્શન અને ઝડપી નિકાલ માટે મળો.
Website : www.shrinewdurgajyotish.com એક વખત અમારી મુલાકાત લેવાનું ભુલશો નહી.
નવાતાંત્રિકો જ્યોતિષો, ભાડાના મકાનવાળા, હોટલોમાં જાહેરાત વાળા, વગર એડ્રસવાળી જાહેરાતવાળાથી ખાસ સાવધાન
YouTube Best Jyotish and Tantrik
ભુમિનડતર અને ગુપ્ત ધનના સ્પેશ્યાલિસ્ટ | અધુરા મુકાયેલા કામ પુરા કરી આપવામાં આવશે.
વધુ માહિતી માટે android app - shreenewdurgajyotish સમય દરરોજ : ૧૦ થી ૮ જોવાની ફી રૂા.101/-
બી ૧૦૨, સુકન-૪, પરીશ્રમ ટાવરની સામે, અંકુર ચાર રસ્તા,નારણપુરા, અમદાવાદ-૧૩.
M : 9374567515,9427620602 મોબાઈલથી એપોઈન્ટમેન્ટ લઈને મળો

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય